

# ડુંગરપુરના પૌરાણિક મંદિરના જ્યોતિષીની વાણી

**રા**જસ્થાનના ડુંગરપુર જિલ્લાના એક પ્રાકૃતિક સ્થળે મજાનું એક ધાર્મિક સ્થળ છે. અહીં એક પૌરાણિક મંદિર છે. વર્ષો પહેલાં ઇન્દિરા ગાંધી અહીં આવતાં હતાં. મંદિર સંકુલમાં એક ભવિષ્યવેત્તા રહે છે. કહેવાય છે કે ઇન્દિરાજી પોતાનું ભવિષ્ય જાણવા અહીં આવતાં હતાં. એક વર્ષ પહેલાં અમરાવતીથી દેવીસિંહ શેખાવત પોતાના પરિવાર સહિત આ પૌરાણિક મંદિરમાં આવ્યા હતા. તેમની સાથે પ્રતિભા પાટીલ પણ હતાં. જ્યોતિષીએ પરિવારનાં તમામ સભ્યોને બહાર જવા વિનંતી કરી, કેવળ પ્રતિભા પાટીલ અને તેમના ભાઈને રોકી લીધાં. જ્યોતિષીએ પ્રતિભાજીને કહ્યું : ''તમે રાજ્યપાલપદની ટર્મ પૂરી કરી શકશો નહીં.'' પ્રતિભા ચોંકી ગયાં.

પરંતુ ભવિષ્યવેત્તાએ કહ્યું : ''તમને આ કરતાં પણ મોટું પદ પ્રાપ્ત થશે.''

આ ભવિષ્યવાણીના એક વર્ષ બાદ પ્રતિભા પાટીલ રાષ્ટ્રપતિપદ પર આજે બિરાજે છે. પ્રતિભા પાટીલ ચન્દ્રપુર અમરાવતીનાં વહુ અને જલગાંવના દીકરી છે. તેમના પિતાની ધુલિયા જિલ્લાના સિંદખેડમાં એક નાનીશી જાગીર હતી. પ્રતિભા પાટીલ કૉલેજમાં વક્તૃત્વ કલામાં નિપુણ હતાં, જે પાછળથી ખૂબ કામ આવી. મહારાષ્ટ્રના એ જમાનાના દિગ્ગજ નેતા યશવંતરાય ચવાણે તેમનામાં પડેલી શક્તિઓ જોઈ ટિકિટ આપી અને ત્યાર પછી નસીબ તેમનાં કદમ ચૂમતું રહ્યું. તેમના પતિ દેવીસિંહ શેખાવતે કેન્સર - કિમોથેરપી

વિષયમાં અમેરિકાથી ડૉક્ટરેટની ડિગ્રી હાંસલ કરેલી છે.

પ્રતિભા પાટીલ અને દેવીસિંહ શેખાવતનાં લગ્ન માટે રાજકારણી અને સમાજસેવક આબા સાહેબ ખેડકર જવાબદાર છે. તેઓ બેઉ પરિવારોને જાણતા હતા. પહેલાં તેમણે શેખાવત પરિવાર સાથે વાત કરી પછી પ્રતિભાના પરિવાર સાથે. બંને પરિવારો સંમત થતાં ૧૯૬૫માં પ્રતિભા અને દેવીસિંહ શેખાવત લગ્નગ્રંથિથી બંધાઈ ગયાં. એ વખતે તેઓ મહારાષ્ટ્ર વિધાનસભાનાં સભ્ય હતાં. પ્રતિભા રાજકારણમાં વ્યસ્ત હોય ત્યારે તેમનાં બાળવિધવા માસી બાળકોની સંભાળ રાખતાં.

એ પછી તેમના પતિ દેવીસિંહ અમરાવતીના મેયર બન્યા. પછી ધારાસભ્ય પણ બન્યા. ત્યારબાદ તેઓ વિદ્યાભારતી નામની જાણીતી શૈક્ષણિક સંસ્થામાં વ્યસ્ત થઈ ગયા. એમના મોટાભાઈ ખાંડનું કારખાનું સંભાળે છે.

૧૯૬૯માં કોંગ્રેસનું વિભાજન થયું. રાષ્ટ્રપતિની ચૂંટણી વખતે જ જૂના કોંગ્રેસીઓ મોરારજી દેસાઈ, નિજલિંગપ્પા વગેરેએ ઊભા કરેલા ઉમેદવાર સામે ઇન્દિરા ગાંધીએ બગાવત કરી હતી અને વી. વી. ગીરીને રાષ્ટ્રપતિપદ માટે ઊભા રાખ્યા હતા. સિન્ડિકેટ અને ઇન્ડિકેટના નામે કોંગ્રેસનાં બે ઊભાં ફાડિયાં થઈ ગયાં હતાં.

સિન્ડિકેટના ઉમેદવાર હારી ગયા હતા અને ઇન્દિરા ગાંધીના ઉમેદવાર રાષ્ટ્રપતિની ચૂંટણી જીતી ગયા હતા. કોંગ્રેસની એ કટોકટી વેળા પ્રતિભા પાટીલે તેમને રાજકારણમાં લાવનાર યશવંતરાવ ચૌહાણ કે જેઓ સિન્ડિકેટમાં હતાં તેમને સાથ આપવાને બદલે ઇન્દિરા ગાંધીને સાથ આપ્યો હતો. બસ, એ વફાદારી પણ તેમની પસંદગીનું એક મુખ્ય કારણ બની રહી છે.

હવે યુદ્ધરેખાઓ ખેંચાઈ ગઈ છે. એક બીજાની સામે આક્ષેપો અને પ્રતિઆક્ષેપો બાદ પણ પ્રતિભા પાટીલ અને ભૈરોસિંહ શેખાવત વચ્ચે ચૂંટણી થાય તેમ છે ત્યારે રાજસ્થાનના શેખાવતી રાજપૂતોની આંખોમાં ફરી ચમક છે. તેઓ માને છે કે ''અમારા તો બેઉ હાથમાં લાડુ છે.'' શેખાવતી અંચલના સિકર જિલ્લામાં બે ગામ છે - એક 'ખાચરિયાવાસ' અને બીજું 'છોટી લોસલ'. બેઉ ગામો વચ્ચે ૫૦ કિલોમીટરનું અંતર છે. ગામના ચોરાઓમાં બસ એક જ ચર્ચા છે : ''રાષ્ટ્રપતિ કુણ બણસી ?'' (રાષ્ટ્રપતિ કોણ બનશે ?)

ભૈરોસિંહ શેખાવત ખાચરિયાવાસ ગામના છે. એ ગામના લોકોને ચૂંટણીનું અંકગણિત ખબર નથી એટલે તેઓ એમ જ માને છે કે, ''રાષ્ટ્રપતિ તો હમારે જિલ્લે કા

હોગા.'' ભૈરોસિંહ શેખાવત આ જ ગામમાં જન્મ્યા હતા. અહીં જ ભણ્યા પણ હતા. ગામના લોકો તેમને 'બાબા સા' કહે છે. ગામના નૂર મોહંમદ અને નારાયણ રામ તેમના બાલસખા છે કે જેમની વય હવે ૮૦ ની કરીબ છે. નૂર મોહંમદ તેમના બચપણના મિત્ર રાષ્ટ્રપતિ બને તે માટે રોજ દરગાહ પર જઈ અલ્લાહને બંદગી કરે છે. તેમણે એવી મન્નત આપી છે કે ''ઇન્શા અલ્લાહ વહી રાષ્ટ્રપતિ બનેંગે, મૈને મન્નત માંગ રખી હૈં કિ ભૈરોસિંહ કે રાષ્ટ્રપતિ બનને કે બાદ મક્કા-મદીના હજ કરને જાઉંગા.''

એવી જ રીતે ભૈરોસિંહ શેખાવત સાથે પાંચમા ધોરણ સુધી ભણનાર નારાયણ રામ રોજ મંદિરમાં જાય છે અને ભૈરોસિંહ રાષ્ટ્રપતિ બને તે માટે પ્રાર્થના કરે છે. ગામમાં ભજન-કીર્તન અને પ્રાર્થનાઓ ચાલુ છે.

આવું જ દશ્ય પ્રતિભા પાટીલના સસુરાલના ગામ 'લોસલ ગાંવ'માં છે. ચાર વર્ષ પહેલાં જ પ્રતિભા પાટીલે તેમના સાસરિયાનાં આ ગામમાં કરણી માતાના મંદિરમાં જાગરણ કરાવરાવ્યું હતું. આ ગામમાં તેમણે રસ્તા અને સભામંડપ બનાવરાવ્યાં છે. એ એક સંજોગ છે કે પ્રતિભા પાટીલના સસુરાલ - લોસલ ગાંવના સરપંચ પદે પણ પ્રેમકુંવર નામનાં મહિલા જ છે. પ્રેમકુંવર અને ગામના લોકો પ્રતિભાજીને 'દાદી' કહે છે.

રાષ્ટ્રપતિજીની ચૂંટણીની પ્રક્રિયા અટપટી છે. દરેક મતનું મૂલ્ય નક્કી કરેલું છે. આંકડાઓનો ખેલ જોતાં કોંગ્રેસ અને સહયોગીના મતોનું મૂલ્ય ૫,૭૦,૨૯૫ જેટલું થવા જાય છે. એનડીએ અને તેના સહયોગી પક્ષોના મતોનું મૂલ્ય ૩,૫૩,૨૯૫ જેટલું થવા જાય છે. એનડીએ અને તેના સહયોગી પક્ષોના મતોનું મૂલ્ય ૩,૫૩,૯૭૩ જેટલું થાય છે. આ આંકડા પ્રમાણે એ સ્પષ્ટ છે કે પ્રતિભા પાટીલને રાષ્ટ્રપતિ બનતાં કોઈ ચમત્કાર જ રોકી શકે.

દેશના આ સર્વોચ્ચ પદ માટે પ્રતિભા પાટીલને ઉમેદવાર તરીકે જાહેર કરીને સોનિયા ગાંધીએ બધાંને ચોંકાવી દીધા છે. રાજકારણમાં 'સરપ્રાઇઝ એલિમેન્ટ'નું એક મહત્ત્વ છે. ઇન્દિરા ગાંધી પાસે આ આવડત હતી. દેશ આંખો ઊંઘી ગયો હોય ત્યારે મધરાતે જ તેઓ બૅન્કોના રાષ્ટ્રીયકરણનો ખેલ પાડી દેતાં. મધરાતે જ એક વટહુકમ દ્વારા રાજાઓનાં સાલિયાણાં નાબૂદ કરી દેતાં. લોકોને આવું સરપ્રાઇઝ એલિમેન્ટ ગમતું હોય છે. પોપ્યુલર - એક્શન ગમતાં હોય છે. હકીકતમાં એમાં રાજનીતિ જ છે, પરંતુ લોકોની નાડ પારખવી તે એક સ્વતંત્ર આવડત છે.

પ્રતિભા પાટીલની ઉમેદવારી જાહેર થયા બાદ મુલાયમ - અમરસિંહ, ચન્દ્રાબાબુ અને જયલલિતાએ ત્રીજો મોરચો ખોલી ડૉ. અબ્દુલ કલામના નામને ટેકો જાહેર કર્યો, પરંતુ ડૉ. કલામે ખૂબ વિચારીને આ રાજકારણમાં પડવાનો ઈન્કાર કરી દેતાં ત્રીજા મોરચાની હવા જ કાઢી નાખી છે. મુલાયમ અમરસિંહનું રાજકારણ ‘સ્કૂલ બોય પોલિટિક્સ’ જેવું લાગે છે. ડૉ. કલામને પહેલાં તૈયાર કર્યા બાદ તેમણે મેદાનમાં આવવાની જરૂર હતી, પરંતુ તેમણે ઊલટું કર્યું અને તેથી તેમની ગણતરી પણ ઊલટી પડી.

એથી ઊલટું ૮૦ વર્ષના જૈફ રાજકારણી ભૈરોસિંહ શેખાવતે વધુ સમજદારી અને પરિપક્વતા બતાવી. પ્રતિભા પાટીલ દિલ્હી પહોંચ્યાં ત્યારે પીઢ રાજકારણીને શોભે તે રીતે ભૈરોસિંહ શેખાવતે સામેથી ફોન કરી પ્રતિભા પાટીલને મળવાની ઈચ્છા પ્રગટ કરી અને દિલ્હીમાં તેમને સામે ચાલીને જોધપુર હાઉસમાં મળવા ગયા.

ડૉ. કલામને રાષ્ટ્રપતિના ઉમેદવાર જાહેર કરાયા ત્યારે દેશના પ્રથમ વૈજ્ઞાનિક રાષ્ટ્રપતિ - એવો મેસેજ અપાયો હતો. ભાજપની રાજનીતિની ચાલનો આ એક ભાગ હતો. હવે પ્રતિભા પાટીલને દેશનાં પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ - એવો મેસેજ એ પણ એક યુપીએની રાજનીતિ જ છે. હવે ક્રોસ વોટિંગ તો થવાનું જ છે પરંતુ તેમાં જાણવા જેવી વાત એ છે કે જે પક્ષો પ્રતિભા પાટીલને ટેકો નથી આપતા તેવા પક્ષોનાં મહિલા ધારાસભ્યો કે મહિલા સાંસદોના મત પણ પ્રતિભા પાટીલને મળે તેવી શક્યતા છે.

એનડીએને એવો જ બીજો ભય છે કે પ્રતિભા પાટીલ એક રાજપૂત ઉમેદવાર છે તેથી તેમના પક્ષના રાજપૂત ધારાસભ્યો કે સાંસદો પણ ‘રાજપૂત વહુ’ના પક્ષમાં ક્રોસવોટીંગ કરી શકે છે.

શરદ પવાર પણ અંધારામાં રહ્યા હતા. તેમની ઈચ્છા ડૉ. કરણસિંહ માટે હતી પરંતુ પ્રતિભાનું નામ જાહેર થતાં મહારાષ્ટ્રના મરાઠી ઉમેદવારને ટેકો આપ્યા વિના તેમને પણ છૂટકો ના રહ્યો.

એવી જ રીતે શિવસેના પણ સોનિયા ગાંધીની જાળમાં સપડાઈ ગઈ. પ્રતિભા પાટીલ મરાઠી હોઈ શિવસેનાના સુપ્રીમો બાલ ઠાકરેનો ‘મરાઠી માનુસ’ માટેનો જાણીતો પ્રદેશવાદ જાગી ઊઠ્યો. ભાજપ સાથેનો સંબંધ તોડીને પ્રતિભાતાઈને ટેકો જાહેર કરી દીધો; દેવો પડ્યો. વળી બાલ ઠાકરેના પિતા પ્રબોધન ઠાકરે અને પ્રતિભા પાટીલના કાકા દીવાન બહાદુર ડોંગરસિંહ પાટીલ ઘનિષ્ઠ મિત્રો હતા. ત્યાર પછી પ્રતિભા પાટીલ અને બાલ ઠાકરેના વ્યક્તિગત સંબંધો પણ કાયમ રહ્યા છે.




ટીકાકારો પ્રતિભા પાટીલની પસંદગીને ઐતિહાસિક ભૂલ, જોક અને કમજોરી પણ કહે છે. પરંતુ ઇન્દિરાજી અને રાજીવ ગાંધી સાથે દગો કરનાર શરદ પવાર કે પ્રણવ મુખરજી શું યોગ્ય ઉમેદવાર હતા ? નામ તો તેમણે ડૉ. કરણસિંહનું પણ ચલાવ્યું હતું.

૪૦ વર્ષથી સક્રિય રાજકારણમાં લો - પ્રોફાઇલ પર રહેનાર પ્રતિભા પાટીલ અને તેમની વફાદારીનો બદલો મળ્યો છે એ સ્પષ્ટ છે. ભૈરોસિંહ શેખાવત નિશ્ચિતરૂપે એક અનુભવી અને યોગ્ય - સન્માનનીય નેતા છે પરંતુ 'ગણિત' તેમને સાથ આપતું નથી. રાજનીતિના દાવપેચમાં એનડીએના નેતાઓ હવે બુઢ્ઢા થઈ ગયા લાગે છે. અને હા, નારાયણમૂર્તિ, અમિતાભ બચ્ચન, અરુંધતિ રોય, મેધા પાટકર કે બાબા રામદેવને રાષ્ટ્રપતિ બનાવવા જોઈએ કે નહીં - તેવાં નામો પર ટીવી સર્વેક્ષણ કરાવતી ન્યૂઝ ચેનલો તેમની બેવકૂફીનું અને બુદ્ધિનું નિતાંત પ્રદર્શન કરી રહી હોય એમ લાગે છે.

*


**પ્રાપ્તિસ્થાન**

## નવભારત સાહિત્ય મંદિર

| | |
|---|---|
| જૈન દેરાસર પાસે, ગાંધી રોડ | ૨૦૨, પૅલિકન હાઉસ |
| અમદાવાદ : ૩૮૦ ૦૦૧ | આશ્રમ રોડ, અમદાવાદ : ૩૮૦ ૦૦૯ |
| ફોન : (૦૭૯) ૨૨૧૩૯૨૫૩ | ફોન : (૦૭૯) ૨૬૫૮૦૩૬૫ |

**E-mail : info@navbharatonline.com**
**Web : www.navbharatonline.com**